# સ્ક્રીન વિરુદ્ધ પેપર: ઓનલાઈન વાંચન કેમ છીછરું મહેસૂસ થાય છે

ફાયરવોલ
રાજન ગાંધી

ધારો કે તમારે ભારતની હાલની વસ્તી કેટલી છે તે જાણવું છે, તો તમે શું કરશો? તમે ઈન્ટરનેટ પર જશો અને ગૂગલમાં સર્ચ કરશો. તમને સટીક સંખ્યા મળી જશે. પરંતુ તમારે ભારતને સમજવું હોય, તો તમને ગૂગલ કામ નહીં લાગે, તમારે ભારત વિશે લખાયેલાં પુસ્તકો વાંચવા પડશે. એવું નથી કે ગૂગલમાં ભારતને સમજવા માટેની માહિતી નથી. કદાચ, ગૂગલમાં ભારતને લાગતાં એક લાયબ્રેરીમાં હોય તેના કરતાં પણ વધુ પુસ્તકો ઉપલબ્ધ છે.

તેમ છતાં, તમે ફિઝિકલ પુસ્તક વાંચીને ભારતને જેટલું સમજી શકશો, તેટલું સ્ક્રીન પર એક વાંચીને નહીં સમજી શકો. આમાં 'જાણવા' અને 'સમજવા'નો જેટલો ફરક છે, તેટલો જ ફરક કાગળ પર લખાયેલા અને સ્ક્રીન પર લખાયેલા શબ્દનો છે.

એક નવું સંશોધન કહે છે આપણે જ્યારે સ્ક્રીન પર કશું વાંચીએ છીએ અને એ જ વસ્તુ કાગળ પર વાંચીએ છીએ, ત્યારે આપણું મન જુદી રીતે તેને આત્મસાત કરે છે. અર્થાત, સ્ક્રીન પર ભારત અંગેની માહિતી (જેમ કે વસ્તીની સંખ્યા) તો આપણને બરાબર યાદ રહી જાય છે, પરંતુ સ્ક્રીન પર ભારત અંગેની સમજણ કેળવાતી નથી. તેના માટે ખોળામાં પુસ્તક વાંચવું પડે. આ માહિતી અને સમજણનો ફરક છે, અને તેના માટે માધ્યમ જવાબદાર છે.

સ્પેનના સંશોધકોએ ડિજિટલ અને પ્રિન્ટના કુલ 1,71,000 વાચકોને સમાવતા જુદા જુદા 52 અભ્યાસો પરથી તારણ કાઢ્યું છે કે લોકો કાગળ પર કશું વાંચે ત્યારે (સ્ક્રીનની તુલનામાં) વધુ સારી રીતે સમજી શકે છે.

કામના કલાકો હોય કે ફુરસદના, આપણા જીવનમાં જ્યાં સ્ક્રીન સર્વવ્યાપી થઈ ગયો છે, ત્યારે વાંચનની આપણી પેટર્ન બદલાય તે અનિવાર્ય છે. આજે આપણે સોશિયલ મીડિયાની ટૂંકી પોસ્ટ્સ અને સબ-ટાઈટલ્સવાળા વીડિયોથી લઈને ઈ-બુક્સ, રિપોર્ટ્સ અને શૈક્ષણિક દસ્તાવેજો જેવા લાંબા કન્ટેન્ટને ડિજિટલ સ્વરૂપમાં વાંચતા થયા છીએ, જેના માટે સતત ફોકસ અને તીવ્ર સમજણની જરૂર પડે છે.

લેખિત શબ્દને જોવાની અને તેનું અર્થઘટન કરવાની મૂળભૂત પ્રક્રિયા સમાન રહે છે, પરંતુ સ્ક્રીન પર શબ્દને વાંચવો તે કાગળ પરના 'સ્થિર' વાંચનથી અલગ છે. વિદ્યાર્થીઓને ઘણીવાર એવું લાગતું હોય છે કે તેઓ ઓનલાઈન વાંચીને વધુ શીખે છે, પરંતુ ટેસ્ટમાં એવું તારણ નીકળે છે કે પ્રિન્ટમાં વાંચવાની તુલનામાં તેઓ ખરેખર ઓછું શીખ્યા હોય છે.

પ્રશ્ન એ છે કે આવું શા માટે? આની પાછળનું વિજ્ઞાન સમજવા જેવું છે.

માનવ ઉત્ક્રાંતિમાં, વાંચનની ક્રિયા બહુ પાછળથી આવી છે. આપણે બોલતા અને સાંભળતા તો હજારો વર્ષ પહેલાં શીખ્યા હતા, પરંતુ વાંચવાનું વધુમાં વધુ 5,500 પહેલાં આવ્યું હતું. આપણે આજુબાજુના લોકોને સાંભળીને બોલવાનું શીખ્યા હતા. એ ઓટોમેટિક હતું. પરંતુ વાંચવાનું શીખવા માટે આપણને બહુ મહેનત કરવી પડી હતી, કારણ કે વાંચવું પ્રાકૃતિક નથી. પ્રાણીઓ આજે પણ એકબીજાને સાંભળે છે અને બોલે છે, પણ તે વાંચી શકતાં નથી. વાંચવા માટે મગજમાં અલગ નેટવર્ક નથી, તેણે બીજા નેટવર્કનો સહારો લેવો પડે છે. દાખલા તરીકે, માણસો એકબીજાને ચહેરાથી ઓળખે છે અને યાદ રાખે છે. હજારો વર્ષ પહેલાં મગજનો વિકાસ થયો, ત્યારે આ ક્ષમતા આવી હતી કારણ કે સંગઠિત રહેવા માટે એકબીજાને ઓળખવા અને યાદ રાખવા અનિવાર્ય હતા. પાછળથી જ્યારે વાંચવાનું આવ્યું, ત્યારે આ 'જોઈને સમજવા'નું આ નેટવર્ક તેમાં પણ કામ આવ્યું.



શબ્દોને ઓળખવા તે માણસોના ચહેરા ઓળખવા જેવું જ કામ હતું, પરંતુ એ તેનું પ્રાથમિક કામ નહોતું. આ એક કામ માટે બનેલી ટેકનોલોજીનો બીજા કામ માટે ઉપયોગ કરવા જેવું હતું.

વાંચતી વખતે એવું જ થાય છે. એ હકીકત પણ સુંદર છે કે આપણું સ્થિતિસ્થાપક છે. તેના કારણે જ આપણે ઘણી બધી નવી વસ્તુઓ શીખી શકીએ છીએ. પૃથ્વી પર મનુષ્ય પ્રજાતિ તરીકે આપણે જે તોતિંગ વિકાસ કર્યો છે, તેનું પૂરું શ્રેય આપણા મગજની આ વિશેષતાને જાય છે, પરંતુ વિવિધ પ્રકારનાં લખાણો વાંચવાની વાત આવે છે, ત્યારે તે સ્થિતિસ્થાપકતા એક સમસ્યા બની જાય છે.

આપણે જ્યારે સ્ક્રીન પર કશું વાંચીએ છીએ, ત્યારે મગજ કાગળ પર વાંચવા માટે ઉપયોગમાં લેવાતા કોષો વચ્ચે નવેસરથી કનેક્શન બનાવે છે. એનો અર્થ એ થયો કે મગજ તેના નેટવર્કને એક નવા કામ માટે વાપરી રહ્યું છે. અહી એ યાદ રાખવા જેવું છે કે મગજે આસપાસના અન્ય મનુષ્યો માટે 'જોઈને સમજવા'નું નેટવર્ક વિકસાવ્યું હતું. એ જ નેટવર્ક પર પાછળથી એક વધારાની જવાબદારી આવી પડી; કાગળ પરના શબ્દોને ઓળખવાની. હવે એમાં ત્રીજું કામ ઉમેરાયું; સ્ક્રીન પર દેખાતા શબ્દો વાંચવાનું.

**આપણે સ્ક્રીન પર વાંચીએ છીએ, ત્યારે મગજ 'સ્કિમ મોડ' (સતહી અવસ્થા)માં સરકી શકે છે. અને તે જ્યારે કાગળ પર વાંચે છે, ત્યારે તે 'ડીપ મોડ' (ઊંડી અવસ્થા)માં જતું રહે છે**

પરિણામે, જ્યારે આપણે સ્ક્રીન પર વાંચીએ છીએ, ત્યારે મગજ 'સ્કિમ મોડ' (સતહી અવસ્થા)માં સરકી શકે છે.

અને તે જ્યારે કાગળ પર વાંચે છે, ત્યારે તે 'ડીપ મોડ' (ઊંડી અવસ્થા)માં જતું રહે છે. આનું કારણ છે. સ્ક્રીન પર વાંચતી વખતે મગજની ગતિ તેજ હોય છે (એટલા માટે ટૂંકા મેસેજ અને ટૂંકી પોસ્ટ વધુ લોકપ્રિય છે), પણ તે જ્યારે કાગળ પર વાંચે છે ત્યારે ધીમેથી શબ્દોને સ્કેન કરે છે.

આ કારણથી કાગળ પર વાંચેલું વધુ યાદ રહે છે. આજે પણ એવા કરોડો લોકો છે જે કહે છે કે તેમને ઓનલાઈન કરતાં હાથમાં પુસ્તક વાંચવાનું વધુ ગમે છે. તેમાં કાગળના સ્પર્શની અને આંગળીઓ વડે પાનાં ફેરવવાની અલગ જ મજા છે.

# મુસાફરીમાં પદ્મશવાસન

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વીશ કોઠારી

એક ગીતની કડી હતી: રોતે રોતે હસના સીખો, હસતે હસતે રોના... મુસાફરી દરમિયાન એ કડીમાં થોડો ફેરફાર કરીને ગાવાનું થાય: સોતે સોતે બૈઠના સીખો, બૈઠતે બૈઠતે સોના. કારણ કે, મુસાફરી થોડી લાંબી હોય અને તે બેસીને કરવાની થાય, ત્યારે ઊંઘી જવું તે ઘણાને ઉત્તમ વિકલ્પ લાગે છે. મોહમાયામાં લપેટાયેલા લોકો આવે વખતે કંઈક વાંચે છે અથવા કાનમાં ભૂંગળાં નાખીને સાંભળે છે-જુએ છે. મોહમાયાગ્રસ્ત લોકોનાં કર્મોની અસર આસપાસ રહેલા લોકોને પણ દૂષિત કરે છે. સિગરેટ પીનારની આસપાસ રહેનારા જેમ વગર સીગરેટ પીધે ધુમાડા ખાય છે-પેસિવ સ્મોકિંગ કરે છે, એવી જ રીતે, ઘણા મોબાઈલબહાદુરોની આસપાસના લોકોને પેસિવ રીતે સાંભળવું કે જોવું પડે છે.

મુસાફરી વધુ લાંબી હોય કે રાતની હોય ત્યારે જોવા-સાંભળવાનો પણ છેડો આવે છે અને શરીર તેનો ધર્મ અદા કરવા ભણી વળે છે. એટલે, બેઠેલા માણસને થાય છે કે થોડી વાર સુઈ જવું જોઈએ. બેઠાં બેઠાં સુવાની કળા બધાને સાધ્ય હોતી નથી. ઓફિસની વાત જુદી છે. ત્યાં બેઠાં બેઠાં તો શું, ઊભાં ઊભાં પણ સુઈ શકનારા લોકો ઘણા હોય છે. કેમ કે, તેમાં ઊંઘની સાથોસાથ ચાલુ કામે સુઈ ગયાનો વિશિષ્ટ પ્રકારનો સંતોષ પણ ભળેલો હોય છે, જે મીઠી ઉંઘ આણી દે છે. મુસાફરીમાં બેઠાં બેઠાં સુઈ જવામાં એવી કોઈ સિદ્ધિ લાગતી નથી. ઊલટું, રૂપિયા ખર્ચ્યા પછી પણ બેઠાં બેઠાં સુવાનું–એ વિચાર મનને દુઃખી કરતો હોય છે.

પરંતુ રાત તેનું કામ કરે અને શરીર તેનું કામ કરે, એટલે બેઠેલા માણસના મનમાં બેઠાં બેઠાં ઊંઘી જવાના વિચારનો દીવડો પ્રગટે છે.

આજુબાજુ મસ્તીથી ઊંઘતા અને નસકોરાં બોલાવતા અન્ય જીવો તેને પ્રેરણા પૂરી પાડે છે અને કંઈક ધક્કો પણ મારે છે કે 'હે જીવ, આ લોકો પણ તારા જેવા જ પામર મનુષ્યો-મર્ત્યલોકના માનવીઓ છે. છતાં તે કેવા નિદ્રાના દિવ્યલોકમાં વિચરણ કરે છે. જો એ લોકો કરી શકે તો તને શા પહાણા પડે છે? માટે ચરબી છોડ અને નિદ્રાદેવીના ખોળે જવા કમર કસ.'

નિદ્રાદેવીની નિશ્રામાં જવા માટે કમર કસવાની નહીં, ઢીલી કરવાની હોય છે અને તેની સાથે મન પરનો કાબૂ પણ હળવો કરવાનો રહે છે.

મન એવો અવળચંડો પદાર્થ છે કે તેને જે કહીએ તેનાથી ઊંધું કરે. ઈન્જેક્શન આપતી વખતે ડોક્ટર કે નર્સ જેવાં દર્દીને કહે કે 'તમારું શરીર ઢીલું મૂકી દો', તેની સાથે જ ઘણાનું આખું શરીર તંગ થઈ જતું હોય છે. એવી જ રીતે સૂવા ઈચ્છનાર તેની પૂર્વતૈયારી રૂપે મનને તૈયાર કરે ત્યારે બધી વખત ધાર્યાં પરિણામ મળતાં નથી. શરૂઆત તો કશા બાહ્યોપચાર વિના, ફક્ત માથું સહેજ અઢેલીને સૂવાનો પ્રયાસ કરવાથી થાય છે. શરૂઆતમાં થોડું અડવું લાગ્યા પછી શરીર બેઠેલી અવસ્થાથી થોડું ટેવાય એટલે ઊંઘ આવી જશે, એવી આશા જાગે છે. પરંતુ તે સુખાભાસ ઝાઝું ટકતો નથી. થોડી વાર શિથિલ અવસ્થામાં રહ્યા પછી શરીરમાં નવેસરથી સળવળાટ જાગે છે. રોજિંદી નિદ્રાસ્થિતિ કરતાં આજની સ્થિતિ જુદી છે, એવું શરીરને સમજાતાં તેના જુદા જુદા ભાગોમાં વિવિધ સ્વરૂપે બળવો જાગે છે. ક્યાંક ખંજવાળ આવે છે, તો ક્યાંક દુઃખે છે. ક્યાંકથી પવન હેરાન કરે છે તો ક્યાંકથી અવાજ આવે છે.



રાજકીય બળવો દબાવવાનું પ્રમાણમાં સહેલું છે, પણ શરીર અને તે પણ પોતાનું શરીર સામે બળવો કરે ત્યારે ભલભલા સરમુખત્યારને પણ તે ભારે પડી શકે છે, તો સામાન્ય માણસની શી વિસાત? તે શરીરનો બળવો શાંત પાડવા માટે વિવિધ વાનાં કરે છે. આંખ પર પટ્ટી કે રૂમાલ ઢાંકે છે, ખંજવાળ આવતી હોય ત્યાં એક વાર, શાંતિથી, ઉર્દુમાં કહે છે તેમ ઈત્મીનાનથી, ખંજવાળી લે છે, બે ઘૂંટડા પાણી પણ પી લે છે અને માથા કે કમરની પાછળ મુકેલા ઓશીકાનું સ્થાન પણ સરખું કરે છે.

**નિદ્રાદેવીની નિશ્રામાં જવા માટે કમર કસવાની નહીં, ઢીલી કરવાની હોય છે અને તેની સાથે મન પરનો કાબૂ પણ હળવો કરવાનો રહે છે. મન એવો અવળચંડો પદાર્થ છે કે તેને જે કહીએ તેનાથી ઊંધું કરે. ઇન્જેક્શન આપતી વખતે ડોક્ટર કે નર્સ જેવાં દર્દીને કહે કે 'તમારું શરીર ઢીલું મૂકી દો', તેની સાથે જ ઘણાનું આખું શરીર તંગ થઈ જતું હોય છે.**

આટલું કર્યા પછી તેનામાં નવેસરથી આત્મવિશ્વાસ જાગે છે કે હવે તો ઊંઘ આવવી જ જોઈએ. મન શરૂઆતમાં આવા આશાવાદને ટેકો આપે છે, પણ થોડી વાર થઈ-ન થઈ ત્યાં વળી પાછું શરીર અકળાય છે. જાણે મનને કહેતું હોય કે તું થોડાં અંગોને થોડા સમય માટે છેતરીને આરામમાં નાખી શકીશ, પણ બધાં અંગોને લાંબા ગાળા સુધી ઊંઘાડી નહીં શકે.

એટલે મન નવો રસ્તો કાઢે છે અને શરીરને સ્થિતિ બદલવા કહે છે. માણસ એ પ્રમાણે બેઠક પર નવી મુદ્રા ધારણ કરે છે. એ વખતે, યોગાસનોની શોધ ભારતમાં થઈ હશે એ વિશે તેના મનમાં જરાય શંકા રહેતી નથી અને એવાં થોડાં આસનો નહીં આવડતાં હોવાનો તેને અફસોસ થાય છે. તે પદ્મશવાસન જેવા, બેઠાં બેઠાં ઉંઘાડતા કોઈ આસન વિશે યુટ્યુબ પર સર્ચ પણ કરી જુએ છે, પરંતુ તેમાં સફળતા મળતી નથી. તેને બેઠક0 પર થાય એવું શવાસન મળતું નથી.

આમ ને આમ, વિધવિધ મથામણોમાં છેવટે આંખ મીંચાય અને કંઈક સુખનો આભાસ થાય, ત્યાં જ ઉતરવાનું સ્ટેશન આવી જાય છે.

ત્યારે મનમાં એવું આશ્વાસન જાગે છે કે કંઈ નહીં, આ વખતના અનુભવો ભવિષ્યની મુસાફરીમાં કામ લાગશે, પણ બેચાર વાર આ રીતે થયા પછી સમજાય છે કે પદ્મશવાસનનો દરેક અનુભવ નવી સહનશક્તિ માગે છે ને નવી અનુભૂતિ આપે છે.

## ઈશિતાનું અલકમલક

### વ્હેંત છેટું મોત સવાલ ફક્ત સાડા ત્રણ મિનિટનો !

**આ** 2024ના ઉત્તરાર્ધના અંતે આપણે પહોંચી ગયા. નવા ઉત્સાહ, નવી આશા સાથે નવા વર્ષનાં આગમનના દિવસો ગણાય રહ્યા છે. આમ તો તમે યુવા હો કે આધેડ, તબિયતનું ધ્યાન તો રાખવું પડે. સ્વાસ્થ્યને લઈને આજનો યુવાન જેટલો વધુ સજાગ છે એટલી જ સજાગતા આજના યુવાની વળોટી ગયેલાએ પણ રાખવી જરુરી છે. જીવનના ઉત્તરાર્ધમાં વધતી ઉંમરનાં રોગ-બીમારી પજવી શકે એટલે વૃદ્ધોએ વધુ સતેજ રહેવું પડે. જો કે તાજેતરનાં કેટલાંક તબીબી સંશોધન સૂચવે છે કે હાર્ટએટેક - લકવો કે પછી બ્રેન સ્ટ્રોક-હેમરેજ જેવી આફત મોડી રાતે કે વહેલી સવારે ઓચિંતી ત્રાટકે, જે મોટાભાગે જીવલેણ પણ સાબિત થાય. જોકે, આવી કટોકટીભરી આફતોમાંથી ઉગરીને તબિયત ફાઈન -સુપર ફાઈન રાખવાનું રહસ્ય માત્ર 'સાડા ત્રણ મિનિટ'માં જ સમાયું છે એવું કેટલાક તબીબો એમના અનુભવના આધારે કહે છે. **શું છે એ સિર્ફ 'થ્રી એન્ડ એ હાફ મિનિટ' સિક્રેટ?** વેલ, જેમણે આયુના 50-60 વર્ષ વટાવી દીધાં છે એમણે આ 'રહસ્ય' વાંચીને અમલમાં મૂકવા જેવું છે. એક સોનિયર ડોક્ટરના કહેવા મુજબ- જે લોકો મોડી રાતે કે વહેલી સવારે બાથરૂમ જવા ઊઠે છે એમના માટે મહત્વની છે પેલી સાડા ત્રણ મિનિટ, જે અચાનક ત્રાટકતા મોતથી ઉગારી શકે. આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે સાવ સાજોનરવો માણસ અચાનક મોડી રાતે કે વહેલી સવારે ગુજરી ગયો. આવું આકસ્મિક મોત કેમ થાય છે? આવા ઓચિંતા મોતનું કારણ આપણે સરળ ભાષામાં સમજીએ. રાતે આરામ કરતા હોઈએ અને બાથરૂમ જવા સફાળા ઊભા થઈ જઈએ ત્યારે મગજને પહોંચતો લોહીનો પૂરવઠો અચાનક ઓછો થઈ જાય છે. અહીં પેલી સાડા ત્રણ મિનિટનું મહત્ત્વ છે. બાથરુમ જવાની ઉતાવળમાં તમે ઊભા તો થઈ ગયા પણ ત્યારે કેટલાક શારીરિક ફેરફાર થાય છે, જેમકે.. હૃદયનાં ધબકારા અચાનક વધી જાય (ECG ની પેટર્ન બદલાય) મગજને લોહી ન પહોંચે. એથી બ્રેનસ્ટ્રોક કે હાર્ટએટેક આવી શકે, જેને કારણે મોત પણ નીપજી શકે! અહીં આવે છે પેલી સાડા ત્રણ મિનિટની મહત્તા- ઊંઘમાંથી ઊઠીને ચાલવા ન માંડો.. એક-દોઢ મિનિટ પથારીમાં જ આરામથી પડ્યા રહો. પછી બેઠા થઈ પથારીમાં જ ઓછામાં ઓછી અડધી મિનિટ બેસોબેડના કિનારે બેસી તમારા પગને અડધીથી એક મિનિટ નીચે ઝુલાવો. સાવ નજીવી લાગતી આ 3 વાત રાખો તો.. પેલી સાડા ત્રણ મિનિટ તમારા મગજને પૂરતો લોહી પૂરવઠો પહોંચાડશે. પરિણામે હાર્ટફેલ કે બ્રેનસ્ટ્રોક નહીં થવા દે અને તમને અચાનક થતા મોતમાંથી આબાદ ઉગારશે!આ વાત બરાબર વાંચો-વંચાવો ને મિત્રો-સ્વજનને ફોરર્વડ પણ કરો. આ કોઈનું મૂલ્ય જીવન બચાવી શકે છે.



બેડ પર બેસી રહો

### ભાઈની હત્યા'સુપર જાસૂસ'નો ડબલ રોલ

**ક્યા**રેક કેટલાક કિસ્સા એવા રોમાંચક હોય કે કોઈને પણ એના પરથી વાર્તા લખવાનું મન થાય તો અપરાધની કેટલીક સત્ય ઘટના એવી રહસ્યપૂર્ણ હોય કે એમાં જોઈતો 'મસાલો' ભરો તો એના આધારે ફિલ્મ કે વેબસિરીઝ પણ બની શકે. આવી જ એક ક્રાઈમકથા 'ઈશિતા' પાસે આવી છે. વાત અમદાવાદમાં રહેતા અનુપ નામના એક યુવાન ટેક્સી ડ્રાઈવરની છે. ત્રણેક વર્ષ પહેલાં એના નાના ભાઈ કમલેશની રહસ્યમય સંજોગોમાં હત્યા થઈ. પોલીસે એના મોતને રોડ અકસ્માત ગણીને એની આગળ તપાસ ન કરી પછી અનુપને ન જાણે કેમ નાના ભાઈનું મોત શંકાસ્પદ લાગતું હતું. નાનો ભાઈ કોની સાથે હળતો-મળતો અને એના કોણ કોણ મિત્રો હતા એ બધાની વિગતો અનુપે એકઠી કરવા માંડી. એ બધામાંથી એને એક નામ જાણવા મળ્યું જયકિશોરનું... એ શખ્સની વિગતો કઢાવી તો અનુપને જાણવા મળ્યું કે જયકિશોર વ્યવસાયે તાંત્રિક હતો. એ ભાડેથી ટેક્સીની એજન્સી પણ ચલાવતો. જાતભાતની સ્કિમ દ્વારા બે નંબરી નાણાંની હેરફેર કરતો અને યુટ્યૂબ પર વીડિયો ક્લિપ પણ મૂકતો. ટૂંકમાં એ આદમીની ચાલચલગત શંકાસ્પદ હતી. અનુપે એના પર નજર રાખવી શરુ કરી. જયકિશોરની વધુ વિગતો મેળવવા એ પણ પેલા તાંત્રિકની ટેક્સી એજન્સીમાં નાઈટ શિફ્ટ ડ્રાઈવરની જોબ પણ લીધી. સમય વીતતો ગયો, પણ અનુપ પોતાની હોંશિયારી અને બાહોશીથી 2 વર્ષમાં તો ધીરે ધીરે જયકિશોરનો માનીતો- જમણો હાથ પણ બની ગયો. પછી તો જયકિશોર વિશે અનુપે મેળવીલી માહિતી ચોંકાવનારી હતી. તાંત્રિક તરીકે 'એકના ત્રણ કરી દેવાના' એની જાલી સ્કિમમાં એ લોકોને ફસાવતો ને મૂંડી નાખતો. આવા કોઈ મોટા શિકારને એના પર શંકા જાગે અને પોલીસ સુધી એ પહોંચે તે પહેલાં જયકિશોર મંત્ર-તંત્રના જાપની પૂજા કરાવતો અને પેલા શિકારને પ્રસાદમાં ઝેર આપીને પતાવી પણ દેતો! તાજેતરમાં અજીતભાઈ નામના શ્રીમંત વેપારીને પોતાની જાળમાં ફસાવીને એની 'પ્રસાદ' દ્વારા હત્યાનો પણ પ્લાન જયકિશોરે ઘડ્યો છે એની જાણ થતાં જ પોતે એકઠા કરેલાં બધા જ પુરાવા સાથે અનુપ સીધો પોલીસ પાસે પહોંચી ગયો ને અનુપની બાતમી મુજબ જયકિશોર પેલા અજીતભાઈની હત્યા કરે એ પહેલાં જ એને ઝડપી લીધો. એ પછીની પોલીસની ઊલટતપાસમાં જયકિશોરે કબૂલી લીધું કે અનુપના નાના ભાઈ કમલેશ સહિત એણે અન્ય બીજા ત્રણની પણ હત્યા આવા પૂજાના ઝેરી પ્રસાદથી કરી હતી અને આવા 'પ્રસાદનું ઝેર' એ પોતાની ટેક્સીનાં સ્પેર ટાયરમાં છૂપાડી રાખતો! નોંધ: અહીં પાત્રોનાં નામ કાલ્પનિક છે)



'પ્રસાદનું ઝેર'

### ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» અચાનક થતાં અવસાનને કેમ ટાળવા એ વિશે 'ઈશિતા'એ તમને આજની આ કોલમમાં અનુભવી તબીબોએ આપેલાં માર્ગદર્શન વિશે કહ્યું. અગાઉ પણ આ જ કોલમમાં વિશ્વભરમાં સોમવારે જ વધુ હાર્ટ એટેકની ઘટના કેમ બને છે એનાં કારણ-તારણ પણ દર્શાવ્યાં હતાં. હવે જાણી લોકે આપણા ગુજરાતમાં હૃદયરોગને લગતો કેવો સિનારિયો છે.

» લેટેસ્ટ અહેવાલ મુજબ : કોરોના-કાળ પછી ગુજરાતમાં હૃદયરોગની સમસ્યા વધુ વકરી છે. આ વર્ષના જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં કુલ 77,427 વ્યક્તિએ હૃદયને લગતી ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ 108ની મદદ લેવી પડી. એમાંય છેલ્લાં 2 મહિના-ઓક્ટોબર અને નવેમ્બરમાં હાર્ટને લગતા ઈમરજન્સીના 14,701 કેસ નોંધાયા હતા. બીજા શબ્દમાં કહો તો રોજના 245 જેટલા કેસ, એટલે કે દર કલાકે 10 કેસ નોંધાયા હતા! સમગ્ર ગુજરાતમાંથી સૌથી વધુ 30 ટકા કેસ તો એકલા અમદાવાદ શહેરમાં નોંધાયા છે.

» બિહાર-ઉત્તરપ્રદેશનાં અમુક પોલીસ સ્ટેશન્સમાંથી પોલીસ ફરિયાદની હજારો FIR ફાઈલ્સ 'ગૂમ' થવાના સમાચાર અવરનવાર આવતા રહે છે. એ જ રીતે, ત્યાં ઝડપાયેલાં ડ્રગ્સના અમુક-તમુક કિલો જથ્થાને ઉંદર ઓહિયા કરી ગયાના પણ સમાચાર 'બ્રેકિંગ ન્યૂઝ' તરીકે તમને સાંભળવા મળે ત્યારે વગર નશાએ તમે પણ ડોલવા લાગો!

### * ઈશિતાની એલચી *

**આદર્શ પતિની વ્યાખ્યા :એ બહેરો હોવો જોઈએ**
**આદર્શ પત્નીની વ્યાખ્યા: એ અંધ હોવી જોઈએ!**